ગાંધીનગર સમાચાર

કલરવ બાલોત્સવનો ૨૬મીથી પ્રારંભ

સરકારી ઓફીસમાંથી એરકુલર ચોરાયુ

સેકટર-૧૧ બીએસએનએલ ઓફીસના સ્ટોર રૂમમાંથી કુલર ચોરી કરનાર કર્મચારીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં આકરી ગરમીનું આક્રમણ શરૂ થતા હવે ગરમી સહન ન કરી શકનાર સામાન્ય વર્ગના કર્મચારીએ ઓફીસમાંથી જ એરકુલરની ચોરી કરી લીધી હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. સેકટર-૧૧માં સ્થિત બીએસએનએલ કચેરીમાંથી એરકુલર ચોરી કરી કર્મચારી ઘરે લઈ ગયો હતો. પોલીસે ગુનો દાખલ કરીને એલકુલર ચોરી કરનાર કર્મચારીની ધરપકડ કરી લઈ પુછપરછ શરૂ કરી છે.

સેકટર-૧૧ બીએસએનએલની ઓફીસમાં સ્ટોર રૂમમાંથી ૨૦ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમિયાન સ્ટોર રૂમના દરવાજાને ચાવીથી ખોલીને અંદરથી રૂ. ૨ હજારની કિંમતનું કેનસ્ટાર કંપનીનું એરકુલર ચોરી થઈ જવા પામ્યું હતું. આ બનાવ અંગે સે-૨૯માં રહેતા અને બીએસએનએલમાં નોકરી કરતા રામલાલ જોખાઈ પાલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ કરતા ધ્યાને આવ્યું હતું કે સ્ટાફના જ કર્મચારી પેથાપુરના રહેવાસી અરવિંદ બેચરભાઈ મકવાણાએ એરકુલરની ચોરી કરી હતી પોલીસે તેની ધરપકડ કરી લઈ પુછપરછ કરતાં એર કુલર ચોરી કરીને ઘરે લઈ ગયો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ચોરીનો મુદ્દામાલ રીકવર કરીને આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

@ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે સંસ્થાની માસિક બેઠક યોજાશે.

● ડીસ્ટ્રીકટ કાપડ વેપારી એસોસીએશન દ્વારા સવારે ૯.૦૦ કલાકે ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સે-૨૧ ખાતે પક્ષી પરબનું વિતરણ કરાશે.

● જયોતિ મહિલા મંડળ, ગાયત્રી શકિતપીઠ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપકમે બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે ચૈત્રી-ગ્રીષ્મ નવરાત્રી સમાપન કાર્યકમ યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ શાખા દ્વારા શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે લગ્નવાડી, સે-૨૩ ખાતે રાસ ગરબા યોજાશે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટનો ગ્રીષ્મની લહેર કાર્યકમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૪મી એપ્રિલને રવિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ગ્રીષ્મની લહેર કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજ સેવા ટ્રસ્ટના નવ નર્ષ નિમિત્તે પ્રથમ લોક સાહિત્યની શીતળતા અને હાસ્યની હેલીની રસલ્હાણ કરાવવા લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક અને હાસ્ય કલાકાર હરિસિંહ સોલંકી ટાઉનહોલ ખાતે હાજર રહેશે. આ પ્રસંગે નવ વર્ષના સભ્ય ફોર્મ પણ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યકમને માણવા અને સભ્યોને ફોર્મ જમા કરી સહકાર આપવા ટ્રસ્ટી એમ.પી. કાકડિયાએ અનુરોધ કર્યો છે.

પ્રત્યેક મતદારોએ મતદાન અવશ્ય કરવું: જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. આગામી તા. ૨૪ એપ્રિલના રોજ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી દરમિયાન મતદારો અવશ્ય મતદાન કરે તેમ પણ જણાવાયું છે.

જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ આ અંગે જણાવ્યા મુજબ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી આ રવિવારે યોજવામાં આવનાર છે ત્યારે ગાંધીનગરના તમામ મતદારો મતાધિકારનો ઉપયોગ કરે તે અનિવાર્ય છે. વધુમાં જરૂર જણાય તો મતદારો નોટાનો પણ ઉપયોગ કરી શકે છે. જાગૃત નાગરિક પરિષદની બેઠક દરમિયાન સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્ર દવે તેમજ અન્ય પદાધિકારીઓ દ્વારા પણ શહેરના પ્રશ્નો લક્ષી પણ વિવિધ સૂચનો કરવામાં આવ્યા હતા.

નિસર્ગ દ્વારા ધરતી દિનની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૨

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓની સાથે સાથે કેટલાક મહત્વના દિવસોની પણ ઉજવણી કરવામાં આવે છે. ૨૨ એપ્રિલના રોજને અમેરિકા સહિત વિશ્વમાં ઘણા દેશો ધરતી દિન તરીકે ઉજવીને ધરાની માવજત માટે કટીબધ્ધ બની રહેવા કાર્યકમો યોજે છે ત્યારે ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ જન જાગૃતિ કાર્યકમો યોજે છે. આ વર્ષે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપકમે ધરતી માતાનું પૂજન અને ચિત્ર સ્પર્ધા કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં જી.પી.સી.બી. પ્રાદેશિક કચેરીના પર્યાવરણ મદદનીશ ઈજનેર અલ્પાબેન ઠકકર, સિનિયર વૈજ્ઞાનિક અધિકારી એસ.આર. પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ તેમજ ચૌધરી કોલજના પ્રોફેસર સોનલેબન મોદી સહીતના મહેમાનોદ્વારા ધરતી માતાની પૂજા કરવામાં આવી હતી. પ્રદુષણ અટકાવવા માટેના ઉપાયો અને વધુમાં વધુ વૃક્ષો વાવી ધરતીને હરિયાળી રાખવા માટે પ્રવચન પણ આપવામાં આવ્યા હતા.

આ ધરતી દિનની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધા 'પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય' વિષય ઉપર યોજાઈ હતી. સ્પર્ધામાં એ અને બી ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. એ ગ્રુપમાં ધોરણ ૫ થી ૭ અને બી ગ્રુપમાં ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગ્રુપ એમાં પ્રથમ ક્રમાંકે વ્યાસ ત્વિષા બીજા ક્રમાંકે લિમ્બાચીયા મૈત્રી અને ત્રીજા ક્રમાંકે બારોટ હરખ વિજેતા બન્યા હતા તથા બી ગ્રુપમાં પ્રથમ ક્રમાંકે શાહ કીમા, બીજા ક્રમાંકે ઠાકોર ટિવન્કલ અને ત્રીજા ક્રમાંકે દોશી દિક્ષા વિજેતા બન્યા હતા બંને ગ્રુપના વિજેતાઓને રોકડ ઈનામ તેમજ સર્ટીફીકેટ આપી સન્માનવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યકમને સફળ બનાવવા નિસર્ગના કો ઓર્ડીનેટર શિવાંગ પટેલ અને મીત પટેલે જહેમત ઉઠાવી હતી.

વાતવાતમાં

● ઉમેદવારો દ્વારા યોજાયેલી રેલીમાં કાયદા વ્યવસ્થાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું હતું. રેલીમાં જોડાયેલા તમામ બાઈક ચાલકો હેલ્મેટ વિના જોડાયા હતા.

● શહેરમાં પડી રહેલી આકરી ગરમીમા ંપણ ઉમેદવારો છેલ્લી ઘડી સુધી પ્રચારમાં વ્યસ્ત હતા.

● શહેરમાં આવેલા હનુમાનજી મંદિરો ખાતે યજ્ઞ તેમજ ધાર્મિક કાર્યક્રમ, લગ્ન અને રેલીના કારણે સાઉન્ડવાળાની બોલબાલા વધી જવા પામી હતી.

● શહેરના મુખ્ય માર્ગો પર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. આ કચરો ઘણા સમયથી પડયો હોવા છતાં તંત્રના કર્મીઓના ધ્યાને આવતા ન હોય તેવું નગરજનોને લાગી રહ્યું છે.

● ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે આવેલા હનુમાનજી મંદિર ખાતે ૧૧૧૧ લીટર તેલનો અભિષેક ભકતો દ્વારા કરાયો હતો.

લારી-ગલ્લામાં ઝેરી સોસ અને મરચાં વિનાની લીલી ચટણીનો ઉપયોગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં લીલી ચટણી અને ટમેટાં સોસનો દરરોજ હજારો કિલો ઉપયોગ થાય છે.પાટનગરમાં આરોગ્ય વિભાગ રહીશોનું આરોગ્ય બગડે પછી દરોડા પાડશે? તેવા પ્રશ્નો લોકો કરી રહ્યા છે.

અમદાવાદ, વડોદાર, સુરત અને રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા રોજબરોજ દરોડા પાડી તપાસ કરાતી હોય છે જયારે ગાંધીનગરમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં લારી ગલ્લાઓની તપાસ ટલ્લે ચઢી ગઈ હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. તેમાંય લીલી ચટણી અને ટમેટો સોસના નામે નકલી ચીજોનો ઠેર ઠેર ઉપયોગ થતો હોય છે. ચટણીમાં ખટાશ લાવવા માટે અને લાંબા સમય સુધી સોસ બગડે નહી તે માટે સાયટ્રિક એસિડ અને એસિટીક એસિડનો ઉપયોગ કરવામાં આવે છે. આવા અખાદ્ય ગણાતા પદાર્થો રોજબરોજ પાટનગર વાસીઓ જાણે અજાણે પોતાના પેટમાં આરોગી રહ્યા છે. જે આવનારા દિવસોમાં લોકોનું આરોગ્ય બગાડશે.

ફૂડ એન્ડ ડ્રગ વિભાગે વહેલી તકે તપાસ માટે ગાંધીનગર મહાનગરપાલિકાને સત્તા આપવાની ચર્ચાઓ પણ થઈ રહી છે. સામાન્ય રીતે ઉનાળો આવે એટલે શેરડીના કોલાવાળાને ત્યાં દરોડા પાડી ફૂડ શાખા દેખાડો કરે છે. આજ રીતે કેરીના રસ અને પલ્પ બાબતે પણ લોકોને વેપારી છેતરી રહ્યા છે. વહેલી તકે આવા અખાદ્ય ખોરાકનો નાશ કરવા માટે તંત્રએ પગલા લેવાની માંગ લોકો કરી રહ્યા છે.

અડાલજ કેનાલમાં હાથે દુપટ્ટો બાંધી માતા-પુત્રનો આપઘાત

કેનાલમાંથી પોલીસે બંને મૃતદેહ બહાર કઢાવી ઓળખ માટે તજવીજ શરૂ કરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક અડાલજ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં માતા પુત્રનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. બંનેના હાથ દુપટ્ટાથી બાંધેલી સ્થિતિમાં હતા. પોલીસે બંનેના મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા મોડી રાત સુધી બંનેની ઓળખ થઈ શકી ન હતી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહો પી.એમ. માટે મોકલી ઘટનાની ઉંડી તપાસ સાથે ઓળખ કરવા તજવીજ શરૂ કરી છે.

ખોરજ ગામનાં રવાજી અમાજી ઠાકોર અડાલજ નર્મદા કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન તેમને બપોરે કેનાલના પાણીમાં બે તરતા મૃતદેહ જોવા મળ્યા હતા. પોલીસને મૃતદેહ અંગે જાણ કરવામાં આવતા પીએસઆઈ મારવાડા તથા તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં ૩૦ થી ૩૨ વર્ષની વયની અજાણી મહિલા તથા ૭ થી ૮ વર્ષની વયનો અજાણ્યો બાળકનો મૃતદેહ હતો. માતા દિકરાએ હાથે દુપટ્ટો બાંધી કેનાલમાં કોઈ કારણોસર પડતું મુકીને આપઘાત કર્યો હોવાની શકયતાને આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને બંનેના મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી દીધા હતા. મોડી રાત સુધી બંને મૃતદેહોની ઓળખ થઈ શકી ન હતી. મહિલાના શરીરે બ્રાઉન ટોપ અને આસમાની પાયજામો તથા બાળકના શરીરે લાલ ટીશર્ટ અને પેન્ટ પહેરેલું છે. પોલીસે ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

સિવિલમાં કેસ માટે ટોકન પધ્ધતિ ટુંક સમયમાં અમલમાં આવશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓને કેસબારીમાં પડતી મુશ્કેલી અને સમસ્યાને લઈ ટોકન પધ્ધતિ અમલમાં મુકવાનું વિચારાઈ રહ્યું છે. આ ટોકન પધ્ધતિમાં દર્દીઓને ટોકન આપવામાં આવશે ત્યાર બાદ નંબર આવે તે પ્રમાણે દર્દી કેસબારી પર જઈને કેસ કઢાવી શકશે. જયારે સિનિયર સિટીઝનને આ ટોકન પધ્ધતિમાંથી મુકિત આપવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા ટોકન પધ્ધતિ માટે મોટાભાગની તૈયારીઓ થઈ ગઈ છે. દર્દીઓને તેમજ સગાસ્નેહીજનોને બેસવા માટે બેઠક વ્યવસ્થા તૈયાર કરી દેવામાં આવી છે. જયારે એક,બે અને ત્રણ નંબર પર કેસ કાઢવામાં આવશે તેમજ ચાર,પાંચ,છ, અને સાત નંબર પર દવાનું વિતરણ કરવામાં આવશે. આ પદ્ધતિ થી દર્દીને લાંબી લાઈનમાંથી છુટકારો મળશે તેમજ વધારાનું કોઈ પણ જઈ શકશે નહી. આ પધ્ધતિ કેસબારીમાં સફળ પુરવાર થશે ત્યારબાદ સમગ્ર સિવિલમા સોનોગ્રાફી, એકસ-રે અને લેબમાં સહિત ઓપીડી વિભાગમાં લાગુ કરવામાં આવશે. આ ટોકન પધ્ધતિ માટે જરુરી કામગીરી અત્યારે હાલ સંકુલમાં ચાલી રહી છે. ટુંક સમયમાં આ ટોકન પધ્ધતિની અમલવારી શરુ થઈ જશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

હનુમાન જયંતિના ધાર્મિક અવસરે સેકટર-૪ સ્થિત શ્રી સંકટ મોચન હનુમાનજી તથા શનિદેવ મંદિર ખાતે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ભકતોને સુખડી પ્રસાદી રૂપે આપવામાં આવી હતી. સાંજે ૭.૦૦ કલાકે મહાઆરતી બાદ સર્વે ભકતોની ઉપસ્થિતિમાં હનુમાનદાદાના જન્મદિને કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે ઉપસ્થિત રહ્યા હતા.

અપહરણ-ખંડણીના ગુનામાં વધુ એક વોન્ટેડ શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં બે મહિના પહેલા સેકટર-૫ના રહેવાસી જીજ્ઞેશ પટેલનું અપહરણ કરી ખંડણી માંગવાનો ગુનો પ્રકાશ ઉર્ફે ચીના સહિત તેના સાગરીતો સામે નોંધાવા પામ્યો હતો. આ ગુનામાં વધુ એક વોન્ટેડ સાગરીત કોલવડાના અમૃત ઉર્ફે સલો રાવજી રાવળની પોલીસે ધરપકડ કરી છે. સે-૭ પોલીસે તેની ધરપકડ કરી મુખ્ય સુત્રધાર પ્રકાશ ચીનાની ભાળ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા છે.

મુખ્યમંત્રીની સભામાંથી પીક પોકેટીંગ કરનાર ઝડપાયો : શખ્સ અમદાવાદના એક જુગારના અડ્ડા ઉપર નોકરી કરતો હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા.૨૨

બે દિવસ પહેલા શહેરના સેકટર-૬ ખાતે સત્યાગ્રહ છાવણી મેદાનમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સભા યોજાઈ હતી. આ સભામાં ખીસ્સા કાતરૂઓ ઘુસી ગયા હતા. રૂ. ૭૬૦ ભરેલું પાકીટ એક શખ્સે સરકાવી લીધું હતું તે શખ્સને સેકટર-૭ પોલીસે પકડી પાડયો હતો. અમદાવાદ કુબેરનગર વિસ્તારના વિક્રમ ચમન પટણીની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી છે. પુછતાછમાં બહાર આવ્યું છે કે તે અમદાવાદના એક જુગારના અડ્ડા ઉપર નોકરી કરે છે.

મેરજા પરિવારના વજીબાનું નિધન

ગાંધીનગર, તા.૨૨

શહેરના અગ્રણી બ્રિજેશ મેરજા તથા અધિક કલેકટર રમેશ મેરજાના માતૃશ્રી વજીબા અમરશીભાઈ મેરજાનું તા. ૨૨-૪-૨૦૧૬ના રોજ ૮૦ વર્ષની વયે નિધન થયેલ છે. ગાંધીનગર ખાતે તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. સદગતની અંતિમ યાત્રામાં રાજકીય તેમજ સામાજીક અગ્રણીઓ, ઉચ્ચ અધિકારીઓ સહિત અસંખ્ય લોકો જોડાયા હતા.

સદગત સારો કંઠ ધરાવતા ધર્મ પરાયણ ગીતો ગાતા હતા. તેઓ બે પુત્રો બ્રિજેશ, રમેશ તથા પુત્રી ભાવનાને વિલાપ કરતા છોડી ગયા છે. સદગતનું બેસણું ગાંધીનગર ખાતે તા. ૨૪-૪-૨૦૧૬ને રવિવારે સવારે ૮ થી ૧૦ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, ઉદ્યોગભવન સામે તેમજ મોરબી ખાતે તા. ૨૫-૪-૨૦૧૬ને સોમવારે સવારે ૮ થી ૧૦ સ્વાગત હોલ કેનાલ રોડ રાખેલ છે. સદગતનો લૌકીક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

કલરવ બાલોત્સવનો ૨૬મીથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૨

બાળ વિકાસની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર કલરવ સંસ્થા દ્વારા દર વર્ષે યોજાનાર બાલોત્સવનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૬મી એપ્રિલથી ૭મી મે સુધી સેંટ ઝેવિયર્સ સ્કુલ, સેકટર-૮ ખાતે યોજાનાર બાલોત્સવ અંતર્ગત બાળકોને વિવિધ રંગમંચ લક્ષી કલાની તાલીમ આપવામાં આવશે. તાલીમ બાદ ગ્રાન્ડ ફિનાલેનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની જાણીતી સંસ્થા 'કલરવ' છેલ્લા ૧૦ વર્ષથી બાલોત્સવનું આયોજન કરે છે. ૧૨ દિવસની આ શિબિરમાં વિવિધ રંગમંચલક્ષી કલાની નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવે છે અને તાલીમના અંતે શિબિરના છેલ્લા દિવસે યોજવામાં આવનાર સ્ટેજ શો દ્વારા બાળકોએ ગ્રહણ કરેલ કલાની અભિવ્યકિતની પણ તક આપવામાં આવે છે.

આ વેકેશનમાં પણ બાલોત્સવ તા. ૨૬મી એપ્રિલથી ૭મી મે સુધી સેંટ ઝેવિયર્સ સ્કુલ, સે-૮, ગાંધીનગર ખાતે યોજાશે. બાલોત્સવના સમાપને તા. ૮મી મે ૨૦૧૬ના રોજ ટાઉનહોલ-ગાંધીનગર ખાતે યોજાનાર સ્ટેજ શો દ્વારા કરવામાં આવશે. આ સ્ટેજ શો માણવા માટે બાલોત્સવમાં ભાગ લેનાર બાળકોના વાલીઓને આમંત્રણ આપવામાં આવશે.

રસ ધરાવતા ૭ થી ૧૪ વર્ષના બાળકો બાલોત્સવમાં જોડાઈ શકશે. જોડાવા માટેનું પ્રવેશપત્ર અને ૨૦૧૫-૧૬ના વર્ષનું કલરવના સભ્યપદનું ફોર્મ વેબસાઈટ **www.kalaravgandhinagar.org** મારફતે ભરવાનું રહેશે. તા. ૨૫-૪-૧૬ના રોજ સાંજના પાંચ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. બાલોત્સવ અંગેની વધુ જાણકારી માટે કલરવના ભાવેશ એરડા, નરેશ ઠાકર, ડૉ. પિયુષભાઈ દવે તથા આશા સરવૈયાનો સંપર્ક કરવાનો રહેશે.

ગાંધીનગરના બાળકોને બાલોત્સવમાં જોડાવા માટે સંસ્થાના પ્રમુખ કમલ કિશોર જૈને અનુરોધ કરેલ છે.

ચિરવિદાય

- સ્વ. શકરીબેન રાણાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. વજીબેન અમરસિંહભાઈ મેરજા, ઉ.વ. ૮૦
- સ્વ. હિરાબેન ઉદાજી ઠાકોર, ઉ.વ. ૭૦